એટલે પછી તે ખેડૂત તે જુવાન કવિ પાસે ગયો અને તેની પાસે મદદની યાચના કરી. તિરુવલ્લુવરે થોડીક રાખ લઈ પોતાની હથેળી પર મૂકી તેમાં મંત્રના પાંચ અક્ષર લખ્યા અને પછી એ રાખ હવામાં ઉડાડી મૂકી. એ મંત્રની શક્તિ પેલા રાક્ષસ ઉપર જઈને તૂટી પડી અને તે મરી ગયો. અને એ રીતે કાવેરીપકમ્‌ના લોકો સુખી થયા.

થોડા સમય પછી તિરુવલ્લુવરને મદુરા શહેરમાં જવાનું થયું. તેને આવેલો સાંભળી એનાં સુંદર કાવ્યોનું શ્રવણ કરવા માટે અનેક લોકો તેની પાસે આવવા લાગ્યા. ... ...

હવે એ કવિ ઊભો હતો ત્યાં પાસે એક કમળતળાવ હતું. એ તળાવમાં કમળ ખીલેલાં હતાં. અને તેને કિનારે એક મોટી પાટ ઉપર કેટલાક મહા વિદ્વાન કવિઓનું એક મંડળ બેઠું હતું. પણ એ મંડળ આ હલકી જાતિમાં જન્મેલા કવિબંધુને પોતાની જોડે બેસવા દેવા માટે તૈયાર ન હતું. ઊલટું એમણે તો તિરુવલ્લુવરને મૂંઝવવા માટે ઘણા પ્રશ્નો પૂછવા માંડયા, અને તેની કોઈક ભૂલ થાય તો તે પકડી પાડી તેને હલકો પાડવા પ્રયત્ન કરવા લાગ્યા. છેવટે તેમણે તિરુવલ્લુવરને કહ્યું :

‘અલ્યા એ, એમ હોય તો તારી કવિતાની પોથી આ પાટ ઉપર મૂક. અને તારી કવિતા જો ખરેખરી ઉત્તમ કવિતા હશે તો આ પાટ ’કુરલ’ વિના બીજા કોઈને પોતા પર રહેવા નહિ દેશે.’

એમના કહેવા મુજબ તિરુવલ્લુવરે તળાવને કિનારેની એ પાટ પર પોતાની પોથી મૂકી. અને વાર્તામાં પછી એમ આવે છે કે તેણે પોથી મૂકતાંની વાર જ પેલી પાટ એકદમ નાની થઈને પેલી પોથીના જેટલા જ કદની બની ગઈ. અને પેલા મદુરાના અદેખા અને અભિમાની કવિઓ ગડમ લઈને બીજી બાજુ તળાવમાં ગબડી પડ્યા! ... ...

- શ્રી માતાજી

‘સુંદર કથાઓ’
પૃ. - ૧૧૮,૧૧૯,૧૨૦.



From:Dakshina Karyalaya, Sri Aurobindo Ashram, Pondicherry-2. ✆0413-2331470
રવાના: દક્ષિણા કાર્યાલય, શ્રી અરવિન્દ આશ્રમ, પૉંડિચેરી-✆. ૦૪૧૩-૨૩૩૧૪૭૦ • January 2017

# Prosperity

શ્રી માતાજીની
સિદ્ધિ-રિદ્ધિ

**2017**
JANUARY
૧ જાન્યુઆરી, ૨૦૧૭

## વીર યોદ્ધા
## Hero Warriors

**[ સ્થૂલ જગતમાં સ્થૂલ રીતે યુદ્ધ થઈ શકે જ છે, અને સૂક્ષ્મ જગતમાં સૂક્ષ્મ રીતે- ગુહ્ય જ્ઞાનની મદદથી - વિરોધી તત્ત્વોનો વિનાશ પણ થઈ શકે છે. શ્રી માતાજીએ આશ્રમના વિદ્યાર્થીઓને આપેલી વીર યોદ્ધાની પ્રાર્થના તો જીવનની કાયમી સાથીદાર બનવી જોઈએ, ખાસ તો એ સાધકો માટે જે સ્વ-નિરીક્ષણ દ્વારા પોતાના જીવનમાં ઊર્ધ્વ અને ઊર્ધ્વતર ચેતના પ્રતિ પ્રગતિ કરવા માગતા હોય. - તંત્રી, સુધા સુન્દરમ્ ]**

### Students’ Prayer

**Make of us** the hero warriors we aspire to become. May we fight successfully the great battle of the future that is to be born against the past that seeks to endure; so that the new things may manifest and we be ready to receive them.

6 January 1952

- The Mother

### Name of the Mother

**In the name** of The Mother
For the sake of The Mother
By the power of The Mother
With the strength of The Mother

to all adverse harmful being or force
I order to quit this place
at once and for ever.

- The Mother

## Tiruvalluvar - A Poet and A Warrior

Tiruvalluvar, who gave golden words to the people, could also fight and kill. He slew the demon of Kaveripakam.

In Kaveripakam there lived a farmer who owned a thousand head of cattle and vast fields of corn. But a demon had been terrifying the countryside; he uprooted the crops from the soil, and slew cattle and men. And the hearts of the people of Kaveripakam were distressed.

“I will give house, land and money to the hero who will rid us of this demon,” said the wealthy farmer.

For a long time no hero appeared, and the farmer asked the sages who lived on the mountain what he ought to do.

“Go to Tiruvalluvar,” said the sages of the mountain.

So he went to visit the young poet and asked for his help. Then Tiruvalluvar took some ashes and spread them on the palm of his hand and on it wrote five sacred letters, uttered some mantras, then threw the ashes into the air. And the power of the letters and the mantras fell upon the demon, so that he died. This filled the people of Kaveripakam with joy.

Later, when Tiruvalluvar came to the town of Madura, many people gathered together to hear him recite lines from his beautiful poem, and they were enchanted by the verses. ... ...

But on a bench, beside a pool where lotus flowers floated on the tranquil waters, some very learned poets were sitting in a row.

These men on the bench had no intention of making room for a fellow-poet of low birth, but they tried to confound him with their questions and to catch him out in some mistake. At last they said:

“O Pariah, put your poem on this bench, and if it is truly a work of beauty, the bench will hold nothing but the Kural.”

Tiruvalluvar placed his writings next to them, and the legend says that the bench at once shrank until it was just large enough to hold only the poem. So the proud and jealous poets of Madura tumbled into the water of the pool! ... ...

- The Mother

Tales of All Times
pp - 86,87,88.

### વિદ્યાર્થીઓની પ્રાર્થના

**અમને વીર યોદ્ધા** બનાવ. આ વીરો બની ભાવિનો મહા જંગ અમે લડીશું અને જીતીશું. ભૂતકાળને સદાયે ટકી રહેવું છે, પણ એને ભૂંસીને ભાવિ જન્મ લેશે. ભાવિનો જંગ જિતાશે, જગતમાં નવાં તત્ત્વો પ્રગટ થશે અને તેમને ઝીલવાને અમે સજ્જ બની રહીશું, આ છે અમારી અંતરની અભીપ્સા.

૬ જાન્યુઆરી ૧૯૫૨ - શ્રી માતાજી

### શ્રી માતાજીનું નામ

**શ્રી માતાજીના** નામે
શ્રી માતાજીને માટે
શ્રી માતાજીની શક્તિ દ્વારા
શ્રી માતાજીના બળ સાથે

બધાં વિરોધી હાનિકારક
તત્ત્વો અથવા બળોને

હું હુકમ કરું છું
આ સ્થળ હમણાં જ અને
હમેશ માટે છોડી જાઓ.

- શ્રી માતાજી

## તિરુવલ્લુવર – મહા કવિ અને વીર લડવૈયો

આ મહાકવિ તિરુવલ્લુવર લોકોને માત્ર અમૃત જેવી વાણી જ સંભળાવતો ન હતો. તે લડી પણ જાણતો હતો. તેણે કાવેરીપકમ્‌ના રાક્ષસનો નાશ કર્યો તેની વાર્તા આ પ્રમાણે છે.

કાવેરીપકમ્ નામના એક ગામમાં એક ઘણો તાલેવંત ખેડૂત હતો. એને ત્યાં એક હજાર ઢોર હતાં, ઘઉંનાં મોટાં મોટાં વિશાળ ખેતરો હતાં. પણ એ ગામમાં એક રાક્ષસ આવી ભારે રંજાડ કરી જતો. જમીનમાંથી તે આખા ને આખા મોલ ઉખાડી નાખતો, પશુઓને તેમજ માણસોને મારી નાખતો. એના ત્રાસથી કાવેરીપકમ્‌ના લોકો કાંપી ઊઠયા હતા.

એટલે પેલા ધનવાન ખેડૂતે એક દિવસ ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ વીર પુરુષ આ રાક્ષસને મારી આપશે તેને હું એક મકાન આપીશ, જમીન આપીશ, અને પૈસા આપીશ.

કેટલોય વખત ચાલ્યો ગયો પણ રાક્ષસને મારનાર કોઈ વીર નર નીકળ્યો નહિ. એટલે હવે શું કરવું તેની સલાહ લેવા પેલો ખેડૂત પાસેના પર્વત ઉપર રહેતા મુનિઓ પાસે ગયો.

‘જાઓ, તિરુવલ્લુવરને જઈને મળો.’ પર્વત પરના મુનિઓએ તેને આ પ્રમાણે જવાબ આપ્યો.